RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 242 * Date: 22.06.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ડ્રીમલાઈનરમાં ખામી જણાવનારા પૂર્વ કર્મીઓને એર ઈન્ડિયાએ કર્યા હતા બરતરફ, હવે CBI તપાસની માગ



બોઈંગના ડ્રીમલાઈનર ૭૮૭માં ટેકનિકલ ખામીઓનો રિપોર્ટ કરવા બદલ એર ઈન્ડિયા દ્વારા ગત વર્ષે બે કેબિન ક્રૂને બરતરફ કરાયા હતા. હવે એવિએશન ઈન્ડસ્ટ્રી એમ્પ્લોઈઝ ગિલ્ડ એ આ મામલે CBI તપાસની માગ કરી છે. ઉલ્લેખનીય છે કે ગત અઠવાડિયે અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટના બાદથી મામલો ગરમાયો છે. AIEGના મહાસચિવ જોર્જ અબ્રાહમે કહ્યું કે, ટેકનિકલ ખામીના રિપોર્ટ બાદ એર ઈન્ડિયાએ બંને કેબિન ક્રૂ પર પોતાનું નિવેદન બદલવા માટે દબાણ કર્યું હતું. બાદમાં બંનેને બરતરફ કરી દેવામાં આવ્યા હતા. આ ખૂબ જ ગંભીર મામલો છે. આ એવિએશન સેક્ટરની સુરક્ષા માટે ખતરનાક છે. તેમણે આ સંદર્ભમાં નિષ્પક્ષ તપાસ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. અબ્રાહમે જણાવ્યું કે, ૧૪ મે, ૨૦૨૪ના રોજ મુંબઈથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઇટ પોતાના ગંતવ્ય સ્થાન પર પહોંચ્યા પછી વિમાનના દરવાજામાં ટેકનિકલ ખામીને કારણે સ્લાઈડ રાફ્ટ મેન્યુઅલ મોડમાં ખુલી ગઈ હતી. જોકે, સ્લાઈડ રાફ્ટ માત્ર ત્યારે જ સક્રિય થાય છે જ્યારે વિમાન ઓટોમેટિક મોડમાં હોય છે.

એક અઠવાડિયા પહેલા અમદાવાદમાં એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૨૭૦ લોકોમાંથી અત્યાર સુધીમાં ૨૩૧ મૃતકોના DNA મેચ થઈ ગયા છે. ૨૧૦ મૃતદેહો પરિવારોને સોંપવામાં આવ્યા છે. જોકે ગુજરાત પોલીસને વિમાન દુર્ઘટના સ્થળેથી ૩૧૮ માનવ અંગો મળી આવ્યાની માહિતી છે. આ ઉપરાંત ૧૦૦ મોબાઈલ ફોન પણ મળી આવ્યા છે.

તમામ મોબાઈલ ફોરેન્સિક તપાસ માટે ફ્લ્જીન્માં મોકલવામાં આવ્યા છે. અમદાવાદ એરપોર્ટ પરિસરમાં બનેલી ઈમારતમાં વિમાન દુર્ઘટનાની તપાસ માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

૧૨ જૂનના રોજ અમદાવાદથી લંડન જતી છૈં-૧૭૧ ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યાના થોડી જ વારમાં ક્રેશ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોએ જીવ ગુમાવ્યો હતો. આ ઉપરાંત વિમાન જ્યાં ક્રેશ થયું હતું ત્યાં પણ ૨૯ લોકોના મોત થયા હતા. આમાં તબીબી વિદ્યાર્થીઓ, ત્યાં કામ કરતા કામદારો અને તેમના બાળકો સામેલ છે

# ટ્રમ્પે જ સ્વીકારી લીધું કે ઈઝરાયલ ઈરાનના ન્યૂક્લિયર પ્લાન્ટનું કંઇ નહીં બગાડી શકે, જાણો કેમ



ઈઝરાયલ અને ઈરાન વચ્ચે નવ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. બંને પક્ષો એકબીજા પર હવાઈ હુમલા કરી રહ્યા છે. ઈઝરાયલનું નિશાન ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર છે, જેના માટે તેણે અમેરિકા પાસેથી પણ મદદ પણ માંગી છે, પરંતુ હવે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ અંગે મોટું નિવેદન આપ્યું છે.

એક મીડિયા ઈન્ટરવ્યુમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'ઈઝરાયલ પાસે ઈરાનના અંડરગ્રાઉન્ડ ફોડા પરમાણુ પ્લાન્ટને ખતમ કરવાની ક્ષમતા નથી. ઈઝરાયલ પાસે ખૂબ જ મર્યાદિત ક્ષમતા છે. તે ફોર્ડોના એક ભાગને થોડું નુકસાન પહોંચાડી શકશે પરંતુ તેનો નાશ નહીં કરી શકે.'અહેવાલો અનુસાર, અમેરિકાનો દાવો છે કે ઈરાન પાસે પરમાણુ બોમ્બ બનાવવાની સંપૂર્ણ ક્ષમતા છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું કે, 'ઈરાનના સુપ્રીમ લીડરના આદેશ પર, ઈરાન થોડા અઠવાડિયામાં પરમાણુ બોમ્બ બનાવી શકે છે. તેહરાન પાસે પરમાણુ બોમ્બ બનાવવા માટે જરૂરી બધી સામગ્રી છે. જો ઈરાન પરમાણુ બોમ્બ બનાવશે તો તે સમગ્ર વિશ્વ માટે ખતરો બનશે અને ખતરો વધશે.ઉલ્લેખનીય છે કે, ઈઝરાયલે ૧૨મી જૂને ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. આ હુમલો ઓપરેશન રાઈઝિંગ લાયન હેઠળ કરવામાં આવ્યો હતો. પરંતુ તેનાથી ગુસ્સે ભરાયેલા ઈરાને ઈઝરાયલની રાજધાની તેલ અવીવ અને તેના રહેણાંક વિસ્તારો પર હુમલો કરવાનું શરૂ કરી દીધું. આ કારણે, બંને બાજુથી સતત હુમલા થઈ રહ્યા છે.ઈરાને ભારત માટે એરસ્પેસ ખોલી દીધું છે. યુદ્ધ દરમિયાન ઈરાનમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિત રીતે ભારત પાછા લાવવામાં આવી રહ્યા છે.

# કોરોનાના કેસ મામલે ગુજરાત દેશમાં બીજા સ્થાને, કુલ એક્ટિવ કેસ ૯૧૨



કોરોનાના સૌથી વધુ એક્ટિવ કેસને મામલે ગુજરાત બીજા સ્થાને છે. હાલ કેરળમાં સૌથી વધુ ૧૧૮૪, ગુજરાતમાં ૯૧૨ જ્યારે પશ્ચિમ બંગાળમાં ૭૪૭ દર્દીઓ કોરોનાની સારવાર હેઠળ છે. ગુજરાતમાં કોરોનાના જે એક્ટિવ કેસ છે તેમાંથી અડધાથી વધુ માત્ર અમદાવાદથી છે. અમદાવાદમાં એક જ દિવસમાં કોરોનાના ૩૯ કેસ નોંધાયા હતા. આ સાથે જ એક્ટિવ કેસ વધીને હવે ૫૮૯ થઈ ગયા છે. આ ૫૮૯માંથી ૧૨ દર્દીઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જ્યારે અન્ય હોમ આઈસોલેશનમાં છે. હાલ જે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે તેમાંથી પણ મોટાભાગના કો મોર્બિડ છે અને તેમનું સ્વાસ્થ્ય સુધારા પર છે. બીજી તરફ ગુજરાતમાં વધુ ૧૩૪ દર્દીઓ કોરોનાથી સાજા થયા છે. આમ, જાન્યુઆરીથી લઈને ૨૦ જૂન સુધી કુલ ૨૩૭૧ દર્દીઓ કોરોનાથી સાજા થઈ ચૂક્યા છે. ગુજરાતમાં કોરોનાના નવા કુલ ૧૩૪ કેસ નોંધાયા હતા.

# દિવ્યાંગ બાળકોનું ગીત સાંભળીને ભાવુક થયા રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ



રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ હાલમાં ત્રણ દિવસ માટે ઉત્તરાખંડના પ્રવાસે છે. આ દરમિયાન તેઓ શુક્રવારે તેમના ૬૭માં જન્મદિવસ પર એક કાર્યક્રમમાં સામેલ થયા હતા. જ્યાં એક વિશેષ શુભકામના ગીત સાંભળીને તેઓ ભાવુક થઈ ગયા હતા. હકીકતમાં આ યાત્રા દરમિયાન મુર્મૂએ રાષ્ટ્રીય દ્રષ્ટિ દિવ્યાંગજન સશક્તિકરણ સંસ્થાન ની મુલાકાત કરી હતી, જ્યા દિવ્યાંગ બાળકોએ ગીત ગાઈને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. બાળકોનું ગીત સાંભળીને રાષ્ટ્રપતિની આંખોમાં આસુ આવી ગયા હતા જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

રાષ્ટ્રપતિ મુર્મૂએ કહ્યું કે, આ બાળકો ખૂબ જ સુંદર રીતે ગાઈ રહ્યા હતા અને પોતાના દિલથી ગાઈ રહ્યા હતા. તેમનું ગીત સાંભળીને મારા આંસૂ ન રોકી શકી. ગ્રુપની આ પ્રતિભાએ તેમના વિચારને સમર્થન આપ્યું છે કે દિવ્યાંગ બાળકોમાં કેટલી વિશેષ ક્ષમતા રહેલી છે. રાષ્ટ્રપતિએ બાળકોને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા અને કહ્યું કે તેમની સફળતા નિશ્ચિત છે.

# ૪ વર્ષની બાળકીના દુષ્કર્મીને હાઈકોર્ટે આપી રાહત, ફાંસી માફી કરી હવે આ સજા આપી




મધ્ય પ્રદેશમાંથી એક ચોંકાવનારી માહિતી સામે આવી રહી છે. જ્યાં કોર્ટે એક ચાર વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરનારા ગુનેગારને રાહત આપી દીધી છે. કોર્ટે ગુનેગારને મોતની સજા ઓછી કરી ૨૫ વર્ષની જેલની સજામાં બદલી દીધી છે. કોર્ટે તેનું કારણ પણ જણાવ્યું છે. આ સિવાય કોર્ટે ગુનેગારને ૧૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

મધ્ય પ્રદેશની હાઈકોર્ટે ચાર વર્ષીય બાળકી સાથે દુષ્કર્મના ગુનેગારને મોતની સજાને ૨૫ વર્ષની સખત કેદમાં બદલી છે. કોર્ટે ગુનેગારની મોતની સજાને બદલતા તેનું કારણ પણ જણાવ્યું છે. કોર્ટનું કહેવું છે કે, ગુનેગાર અશિક્ષિત છે અને એક ગરીબ આદિવાસી પરિવારમાંથી આવે છે.

જસ્ટિસ વિવેક અગ્રવાલ અને જસ્ટિસ દેવનારાયણ મિશ્રાની ખંડપીઠે સ્વીકાર કર્યો કે, અપીલકર્તાએ એક ક્રૂર કૃત્ય કર્યું કારણકે, તેણે એક ચાર વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યું અને તેનું ગળું દબાવીને તેને મરવા માટે છોડી દીધી. પરંતુ, ગુનેગાર ૨૦ વર્ષીય અશિક્ષિત યુવક છે અને આદિવાસી સમાજમાંથી આવે છે, તેના માતા-પિતાએ તેને ક્યારેય શિક્ષણ આપવાનો પ્રયાસ નથી કર્યો. તેનું યોગ્ય રીતે ધ્યાન ન રાખ્યું તેથી ગુનેગારે પોતાનું ઘર છોડી દીધું અને એક ઢાબામાં રહીને કામ કરી રહ્યો હતો. ઢાબાનો માહોલ સારી પરવરિશ માટે અનુકૂળ ન હોય શકે, તેથી કોર્ટે યૌન અપરાધોથી બાળકોના સંરક્ષણ (પોક્સો) અધિનિયમની કલમ ૬ હેઠળ દંડનીય ગુના માટે મોતની સજાને ૨૫ વર્ષની સખત કેદમાં બદલી છે. મધ્ય પ્રદેશના ખંડવા જિલ્લાની પૉક્સો કોર્ટે ૨૧ એપ્રિલ, ૨૦૨૩ના દિવસે યુવકને મોતની સજા સંભળાવી હતી. ફરિયાદીના જણાવ્યા અનુસાર, આરોપીઓએ ૩૦-૩૧ ઓક્ટોબર, ૨૦૨૨ની રાત્રે બાળકીનું તેના ઝૂંપડામાંથી અપહરણ કર્યું હતું અને તેના પર દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં બાળકી બેભાન અવસ્થામાં મળી આવી હતી.

# 'હું ગમે તેટલી શાંતિ કરાવી લઉં...' વધુ બે દેશ વચ્ચે શાંતિ કરાર કરાવ્યા બાદ ટ્રમ્પનું દર્દ છલકાયું



ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને રવાન્ડા વચ્ચે પૂર્વી કોંગોમાં ચાલી રહેલી હિંસાનો અંત લાવવા માટે કરાર થયો છે. આ બંને દેશોએ મોડી રાત્રે અમેરિકાના વોશિંગ્ટન ડીસીમાં આ અંગે કરાર કર્યો છે. આ કરારમાં અમેરિકાએ મુખ્ય ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ બંને દેશો વચ્ચેના આ કરાર વિશે પોસ્ટ કરી છે. આ પોસ્ટ દ્વારા ટ્રમ્પે ફરી એકવાર નોબેલ શાંતિ પુરસ્કાર માટે પોતાની ઈચ્છા વ્યક્ત કરી છે.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર પોસ્ટ કરીને લખ્યું કે, 'મને આ (ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને રિપબ્લિક ઓફ રવાન્ડા વચ્ચેની સંધિ) માટે નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે. મને ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધને અટકાવવાના પ્રયાસ કરવા બદલ નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે, મને સર્બિયા અને કોસોવો વચ્ચે યુદ્ધ અટકાવવા બદલ નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે..

# યુદ્ધગ્રસ્ત ઈરાનમાંથી નેપાળ-શ્રીલંકાના નાગરિકોને પણ બચાવશે ભારત

ઈઝરાયલ-ઈરાન યુદ્ધ વચ્ચે ભારત એકવાર ફરી પાડોશી ધર્મ નિભાવવા માટે તૈયાર છે. નેપાળ અને શ્રીલંકાએ ઈરાનમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ભારત પાસે મદદ માંગી છે. બંને દેશોની વિનંતી પર ભારતે પણ મદદનો હાથ લંબાવ્યો છે. ઈરાને ભારતીય દૂતાવાસે જાહેરાત કરી છે કે, અમે નેપાળ અને શ્રીલંકાના નાગરિકોને તેમની સરકારની વિનંતી પર ઈરાનથી બહાર કાઢીશું.ભારતનો આ નિર્ણય એવા સમયે લીધો છે, જ્યારે ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ છે. ઈરાનમાં ભારતીય દૂતાવાસે કહ્યું કે, 'નેપાળ અને શ્રીલંકાની સરકારની વિનંતી પર ઈરાનમાં ભારતીય દૂતાવાસના સ્થળાંતરના પ્રયાસોમાં નેપાળ અને શ્રીલંકાના નાગરિકોનો પણ સમાવેશ કરવામાં આવશે.' દૂતાવાસે નેપાળ અને શ્રીલંકાના નાગરિકો માટે ઈમરજન્સી નંબર પણ જાહેર કર્યો છે. હકીકતમાં, ભારતે ઈરાન સાથે રોતાના લોકોને બહાર કાઢવા માટે ઓપરેશન સિંધૂ શરૂ કર્યું છે. ભારતનું આ ઓપરેશન સિંધુ યુદ્ધગ્રસ્ત ઈરાન અને ઈઝરાયલમાંથી પોતાના નાગરિકોને બહાર કાઢવા માટેનું મહત્ત્વપૂર્ણ મિશન છે.

## તંત્રી લેખ....

# ધિરાણદારો, બેંકોને પ્રોજેક્ટ ફાઈનાન્સ અંગેની જોગવાઈ પર રિઝર્વ બેંકની રાહત

મુંબઈ : રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ પ્રોજેક્ટ ફાઈનાન્સ ધોરણોને હળવા કર્યા છે, કન્સ્ટ્રક્શન દરમિયાનની જોગવાઈ પાંચ ટકાથી ઘટાડીને એક ટકા કરી છે : નવા નિયમો ૧લી ઓકટોબરથી અમલી બનશે : સુધારેલા ધોરણોનો હેતુ ઈન્ફ્રાસ્ટ્રકચર ધિરાણ વૃદ્ધિને ટેકો આપતી વખતે જોખમને સંતુલિત કરવાનો છેબેંકિંગ ક્ષેત્રને નોંધપાત્ર રાહત આપતાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ કન્સ્ટ્રક્શન તબક્કામાં પ્રોજેક્ટ ફાઈનાન્સ માટે જોગવાઈની જરૂરીયાત પાંચ ટકાના અગાઉના પ્રસ્તાવથી ઘટાડીને એક ટકા કરી છે. આ સંબંધિત જારી કરાયેલી એક અંતિમ માર્ગદર્શિકામાં, બેંકિંગ નિયમનકારે કમર્શિયલ રિયલ એસ્ટેટના કન્સ્ટ્રક્શનના તબક્કામાં જોગવાઈની જરૂરીયાતમાં ૨૫ બેઝિઝ પોઈન્ટનો વધારો કર્યો છે.એટલે કે, ધિરાણકર્તાએ કમર્શિયલ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટનના કન્સ્ટ્રકશન તબક્કામાં ૧.૨૫ ટકા (અગાઉ એક ટકા) અને વ્યાજ તેમ જ મુદ્દલની ચૂકવણી શરૂ થયા પછી-ઓપરેશનલ તબક્કામાં એક ટકા (૦.૭૫ ટકા અગાઉ)ની સામાન્ય જોગવાઈ જાળવી રાખવી પડશે.કમર્શિયલ રિયલ એસ્ટેટ-રહેણાંક આવાસ પ્રોજેક્ટના કિસ્સામાં, જોગવાઈની જરૂરીયાત એક ટકા કન્સ્ટ્રકશન અને ઓપરેશનલ તબક્કા માટે ૦.૭૫ ટકા રહેશે.બાકીના તમામ માટે, કન્સ્ટ્રકશન તબક્કા દરમિયાન એક ટકા અને કાર્યકારી તબક્કા માટે ૦.૪૦ ટકાની જોગવાઈ જાળવી રાખવી પડશે. માર્ગદર્શિકા ૧,ઓકટોબરથી અમલમાં આવશે. કન્સ્ટ્રકશન હેઠળના પ્રોજેક્ટોમાં જ્યાં ધિરાણકર્તાઓનું કુલ રોકાણ રૂ.૧૫૦૦ કરોડ સુધીનું હોય, ત્યાં કોઈપણ વ્યક્તિગત ધિરાણકર્તા પાસે કુલ રોકાણના ૧૦ ટકા કરતાં ઓછું રોકાણ હોવું જોઈએ નહીં, એમ આરબીઆઈએ જણાવ્યું છે.જે પ્રોજેક્ટોમાં બધા ધિરાણકર્તાઓનું કુલ રોકાણ રૂ.૧૫૦૦ કરોડથી વધુ હોય, ત્યાં વ્યક્તિગત ધિરાણકર્તા માટે રોકાણનું સ્તર પાંચ ટકા અથવા રૂ.૧૫૦ કરોડ, જે પણ વધારે હોય તે રહેશે.

# શુભાંશુ શુક્લાના એક્સિઓમ-૪ અવકાશ મિશનનું પ્રક્ષેપણ છઠ્ઠી વખત વિલંબિત



નાસાએ ફરી એકવાર આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર એક્સિઓમ-૪ મિશનના પ્રક્ષેપણમાં વિલંબ કર્યો છે, જેમાં ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા તેના ચાર સભ્યોના ક્રૂમાંના એક તરીકે સામેલ છે. શરૂઆતમાં રવિવાર, ૨૨ જૂનના રોજ લોન્ચ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, પરંતુ હવે લોન્ચિંગ મુલતવી રાખવામાં આવ્યું છે, જેની નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

નાસાૌંજીજી ની સ્થિતિનું મૂલ્યાંકન કરવાનું ચાલુ રાખતા હોવાથી, ખાસ કરીને ઝવેઝડા સર્વિસ મોડ્યુલના પાછળના ભાગના તાજેતરના સમારકામ પછી, નવીનતમ વિલંબ થયો છે.

×અવકાશ મથકની એકબીજા સાથે જોડાયેલી અને પરસ્પર નિર્ભર પ્રણાલીઓને કારણે, નાસા ખાતરી કરવા માંગે છે કે સ્ટેશન વધારાના ક્રૂ સભ્યો માટે તૈયાર છે, અને એજન્સી ડેટાની સમીક્ષા કરવા માટે જરૂરી સમય લઈ રહી છે,× નિવેદનમાં ઉમેરવામાં આવ્યું છે.આ છઠ્ઠી વખત એક્સિઓમ-૪ મિશનમાં વિલંબ થયો છે. મૂળ ૨૯ મે માટે આયોજન કરાયેલ, પ્રક્ષેપણ ક્રમિક રીતે ૮ જૂન, ૧૦ જૂન, ૧૧ જૂન, ૧૯ જૂન અને ૨૨ જૂન માટે મુલતવી રાખવામાં આવ્યું હતું. મુલતવી રાખવા માટે વિવિધ તકનીકી અને પર્યાવરણીય મુદ્દાઓને આભારી છે, જેમાં ફાલ્કન ૯ રોકેટ તૈયારીમાં વિલંબ, પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ, પ્રવાહી ઓક્સિજન લીક અને અવકાશ મથકના સેવા મોડ્યુલમાં તકનીકી ખામીનો સમાવેશ થાય છે.

એક્સિઓમ-૪ મિશન ભારત, હંગેરી અને પોલેન્ડના અવકાશયાત્રીઓનો સમાવેશ કરવા માટે નોંધપાત્ર છે, જે માનવ અવકાશ ઉડાનમાં આ દેશો માટે નવી હાજરીનું પ્રતીક છે.

ભારત માટે, આ મિશન ખાસ મહત્વનું છે કારણ કે તે શુભાંશુ શુક્લા ૧૯૮૪ માં રાકેશ શર્માની ઐતિહાસિક ઉડાન પછી અવકાશમાં મુસાફરી કરનાર બીજા ભારતીય બનશે.

આ મિશન ફ્લોરિડામાં નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી સ્પેસએક્સના ફાલ્કન ૯ રોકેટ પર લોન્ચ કરવામાં આવશે અને નાસા અને ભારતીય અવકાશ ક્ષેત્ર વચ્ચે વધતા સહયોગને ચિહ્નિત કરે છે.

# ગુજરાત લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર

ગાંધીનગર,

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા તા.૧૫/૦૬/૨૦૨૫ના રોજ લેવામાં આવી હતી. આ લેખિત પરીક્ષામાં ૨,૩૭,૦૦૦ જેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા. હાજર રહેલા તમામ ઉમેદવારોની OMR જીરી" સ્કેન કરી, ઉમેદવારો જોઇ શકે તે માટે તા.૧૬/૦૬/૨૦૨૫ના રોજ વહેલી સવારે ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવી હતી.લેખિત પરીક્ષાની




Provisional Answer Key માસ્ટર સેટ પ્રશ્નપત્ર મુજબ ભરતી બોર્ડની વેબસાઇટ h t t p s : / / gprb.guja®a.gov.in તથા https:// lrdguja®a2021.in ઉપર આજરોજ કલાકઃ ૧૬.૦૦ વાગ્યાથી જાહેર કરવામાં આવશે. ઉમેદવારોને Provisional છહજીુદ્વ્રિઅમાં જે જવાબની સામે વાંધા / રજુઆત હોય તો તા.૨૦/ ૦૬/૨૦૨૫ના કલાક ૧૬/૦૦ વાગેથી તા.૨૩/૦૬/૨૦૨૫ ના કલાક ૨૩.૫૯ વાગ્યા સુધીમાં ઓનલાઇન વાંધા/રજુઆત મોકલવાની રહેશે.

ઓનલાઇન સિવાય અન્ય કોઇપણ રીતે મોકલવામાં આવેલ તથા તારીખ/સમય વિતી ગયા બાદ મળેલ વાંધા/રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

# ગુજરાતી ફિલ્મ ડાયરેક્ટર મહેશ કાલાવાડિયાનું મોત, પરિવારે મૃતદેહ સ્વીકાર્યો





અમદાવાદ,

૧૨ જૂને અમદાવાદથી લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું છૈં-૧૭૧ વિમાન ક્રેશ થયું હતું, જે દુર્ઘટનામાં ૨૭૯ લોકોના મૃત્યુ થયા છે. આ દુર્ઘટનામાં મૃતકોની ઓળખ માટે ડીએનએ મેચ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. તે સમયે ગુજરાતી ફિલ્મ ડાયરેક્ટર મહેશભાઈ કાલાવાડીયા ઊર્ફે જીરાવાલાનું પણ આ ગોઝારી પ્લેન દુર્ઘટના દરમિયાન મોત થયું હોવાની માહિતી સામે આવી છે. પ્લેન ક્રેશની દુર્ઘટના બાદથી મહેશભાઈ ગુમ હતા. આથી, પરિવારજનોએ નરોડા પોલીસ સ્ટેશનમાં આ અંગે જાણ કરી હતી. પોલીસે પરિવારજનોનાં દ્ઘદ્ઘછ સેમ્પલ લીધા હતા. મળેલ મૃતદેહ સાથે પરિવારજનોનાં દ્ઘદ્ઘછ સેમ્પલ મેચ થતાં ફિલ્મ ડિરેક્ટર મહેશભાઈનું મોત થયું હોવાનું પુરવાર થયું હતું. ભારે હૈયે પરિવારજનો દ્વારા મહેશભાઈની શુક્રવારે અંતિમ વિધિ કરવામાં આવી છે.

એર ઈન્ડિયાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ બી.જે મેડિકલ હોસ્ટેલમાં ક્રેશ થયા બાદ ફિલ્મમેકર મહેશ જીરાવાલા ગુમ હોવાનું સામે આવ્યું હતું. જ્યારે મહેશ જીરાવાલાના DNA મેચ થવા છતાં તેમનું મૃત્યુ નીપજ્યું હોવાને લઈને પરિવાર માનવા તૈયાર ન હતો.

આ સમગ્ર મામલે પોલીસે સળગેલા એક્ટિવાના એન્જિન-ચેસીસ નંબર, સીસીટીવી સહિતના પુરાવા એકઠા કરીને મૃતકના પરિવાર જણાવ્યું હતું. આમ હવે જીરાવાલાના મોતની પુષ્ટિ થઈ છે, ત્યારે પરિવારે મહેશ જીરાવાલાનો મૃતદેહ સ્વીકાર્યો છે.

અમદાવાદના નરોડ વિસ્તારમાં રહેતા ૩૪ વર્ષીય ગુજરાતી ફિલ્મ ડાયરેક્ટર મહેશ ગીરધરભાઈ કાલાવાડિયા ઉર્ફે જીરાવાલ ઘરથી નીકળ્યા હતા અને શાહીબાગ સિવિલ હોસ્પિટલની નજીકમાં ગુમ થયા હતા. આ મામલે કાર્તિકભાઈએ પોતાનો ભાઈ ગુમ થયાની નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ટેકનિકલ સોર્સ સહિતની પોલીસ તપાસમાં મહેશ વિમાન દુર્ઘટનામાં ભોગ બન્યો હોવાનું જાણવા મળ્યુ હતું. પરંતુ પરિવાર આ વાતને માનવા તૈયાર ન હતો. જ્યારે દુર્ઘટનાગ્રસ્ત સ્થળેથી લેવામાં આવલા મૃતદેહ સાથે મહેશના પરિવારજનો દ્ઘદ્ઘછ મેચ થતાં અને પોલીસે જરૂરી પૂરાવા રજૂ એકઠા કરતા અંતે મહેશનું મોત નીપજ્યું હોવાની પુષ્ટિ થઈ છે.

# જેલમાં બંધ આસારામના પુત્ર નારાયણ ને ગુજરાત હાઇકોર્ટે ૫ દિવસના કામચલાઉ જામીન આપ્યા




સુરત,

રાજસ્થાનના જોધપુરની જેલમાં કેદ પિતા આસારામની તબિયત નાદુરસ્ત હોવાથી સુરતની લાજપોર જેલમાં બંધ પુત્ર નારાયણ સાંઈ દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં વચગાળાના જામીન માટે અરજી કરી હતી જે બાદ ગુજરાત હાઇકોર્ટે ૫ દિવસના કામચલાઉ જામીન આપ્યા છે.

જેમાં કોર્ટે નારાયણ સાઈની પાંચ દિવસના કામચલાઉ જામીનની માગ કરતી અરજી મંજૂર કરી છે. મળતી માહિતી પ્રમાણે જોધપુરની જેલમાં કેદ પિતા આસારામની તબિયત ખરાબ હોવાથી ખબર અંતર પૂછવા માટે નારાયણ સાંઇ સુરતની લાજપોર જેલથી જોધપુર જઇ શકશે. નારાયણ સાંઇને પોલીસ જાપ્તા સાથે જોધપુર જવામાં મંજૂરી આપવામાં આવી છે અને તમામ ખર્ચ નારાયણ સાઈએ જ ભોગવવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે થોડા મહિના પહેલાં ગુજરાત હાઈકોર્ટે નારાયણ સાંઈને પિતા આસારામને મળવા માટે માનવતાના ધોરણે જામીન આપ્યા હતા. સુરતની લાજપોર જેલમાં બંધ નરાધમ નારાયણ સાંઈને પિતા આસારામ સાથે જોધપુર જેલમાં ચાર કલાક મુલાકાત કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

# ગુજરાતભરમાં તા. ૨૧ જૂનથી ટેકાના ભાવે ઉનાળુ મગની ખરીદી શરુ થશે

ગાંધીનગર,

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે મગ પાક માટે ટેકાનો ભાવ રૂ. ૮,૬૮૨ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતમાં ઉનાળુ મગનું કુલ વાવેતર ૫૬ હજાર હેક્ટરમાં થયું હતું. ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત રાજ્ય નોડલ એજન્સીઓ દ્વારા નોંધણી કરાવેલા ખેડૂતો પાસેથી ૯૩ જેટલા ખરીદ કેન્દ્રો પરથી તા. ૨૧ જૂનથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે.

ટેકાના ભાવે ઉનાળુ મગના વેચાણ માટે નાફેડના ઇ-સમૃધ્ધિ પોર્ટલ પર રાજ્યના કુલ ૨૩,૪૮૮ ખેડૂતોએ નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતોને જીસ્જી મારફતે જાણ કરવામાં આવશે. તે પ્રમાણે નિયત કરવામાં આવેલા ખરીદી કેન્દ્ર ખાતે ખેડૂતોએ પોતાની જણસી સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. ખેડૂતો પાસેથી આવતીકાલ તા. ૨૧ જૂનથી ટેકાના ભાવે ઉનાળુ મગની ખરીદી શરુ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અનિવાર્ય સંજોગોના કારણે તા. ૧૪ જૂને મોકુફ રખાયેલી ઉનાળુ માગના ટેકાના ભાવની ખરીદી આવતીકાલ તા.૨૧ જૂનથી શરૂ થશે.

# રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવી પેપરલેસ પરીક્ષા




ગાંધીનગર,

રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટી (આરઆરયૂ)ના ગુજરાત કેમ્પસમાં પેપરલેસ પરીક્ષા પ્રણાલી લાગુ કરી હોવાનું એક ક્રાંતિકારી પગલું ભર્યું છે. યુનિવર્સિટીએ ચારુસેટ યુનિવર્સિટી, ચાંગાના સહકારથી વિવિધ કાર્યક્રમોમાં પેપરલેસ પરીક્ષાઓ યોજી છે. આ પર્યાવરણમૈત્રી પરીક્ષા પ્રક્રિયામાં કુલ ૧,૩૪૧ વિદ્યાર્થીએ ભાગ લીધો, જે યુનિવર્સિટીની નવીન્ય અને પર્યાવરણ માટેની જવાબદારી પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે. આ પહેલ યુનિવર્સિટીના શૈક્ષણિક માળખામાં પર્યાવરણીય સ્થિરતા અને કામગીરીની અસરકારકતાની દિશામાં એક મહત્વપૂર્ણ પગથિયું છે.

પેપરલેસ પરીક્ષા પદ્ધતિનો અમલ પર્યાવરણીય જવાબદારી અને શૈક્ષણિક પ્રક્રિયાઓના સુધારા પ્રતિ આરઆરયૂની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. યુનિવર્સિટીનો હેતુ માત્ર પર્યાવરણ પર પડટી વિપરીત અસરને ઓછું કરવાનો નથી, પરંતુ પરીક્ષાની પ્રક્રિયા ઝડપી બનાવવી અને પરિણામોની ઝડપી જાહેરાત સુનિશ્ચિત કરવાનો પણ છે. આ નવીન પગલાંને કારણે ઉત્તારમૂલ્યાંકન અને પરિણામ પ્રક્રિયામાં લાગતો સમય નોંધપાત્ર રીતે ઘટશે, જેના કારણે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંનેને લાભ થશે. આ ટેક્નોલોજી અપનાવવાના પરિણામે આરઆરયૂએ સાત કાર્યદિવસની અંદર પરિણામ જાહેર કર્યું છે. ચારુસત યુનિવર્સિટી, ચાંગા સાથેનો સહકાર શિક્ષણક્ષેત્રે સંયુક્ત નવીનતાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.પેપરલેસ પ્રણાલીમાં પરિવર્તનથી અનેક લાભ મળવાની શક્યતા છે, જેમ કે, કાગળના વપરાશમાં ઘટાડો, જે પર્યાવરણીય સ્થિરતાને વધારશે, ઉત્તરમૂલ્યાંકનની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થવાની, પરિણામ વહેલાં જાહેર કરવા માટે,પરીક્ષા પદ્ધતિમાં વધુ સુરક્ષા અને ડેટા મેનેજમેન્ટની શક્યતા.

# ગોંડલ અમિત ખૂંટ આપઘાત કેસમાં દુષ્કર્મની ફરિયાદ કરનાર સગીરાએ કરી કોર્ટમાં ફરિયાદ



રાજકોટ,

બહુચર્ચિત રાજકોટના ગોંડલમાં અમિત ખૂંટ આપઘાત કેસમાં દુષ્કર્મની ફરિયાદ કરનાર સગીરાએ કોર્ટમાં ફરિયાદ કરી છે જેમાં પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને તેમના પુત્ર ગણેશ ગોંડલ સહિત ૨૮ લોકોના નામ સાથે ફરિયાદ કરતા FIR નોંધાઈ છે. આ ફરિયાદમાં પોલીસ દબાણ કરતી હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સગીરાએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે, પોલીસ ખોટી રીતે ૬ લોકોના નામ આપવા દબાણ કરી રહી છે. આ સમગ્ર મામલે હવે SMCને તપાસ સોંપવામાં આવે તેવી સગીરાએ માગ કરી છે. કોર્ટે પહેલી જુલાઈ સુધીના સીસીટીવી ફૂટેજ રજૂ કરવા પોલીસને આદેશ આપ્યો છે.ગોંડલના અમિત ખૂંટ આપઘાત કેસમાં હવે નવો વળાંક આવ્યો છે. દુષ્કર્મની ફરિયાદ કરનારી સગીરાએ ગોંડલ કોર્ટમાં ૨૮ લોકો સામે ફરીયાદ કરી છે. જેમાં પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને તેમના પુત્ર ગણેશ ગોંડલ સહિત ૨૮ લોકો સામે FIR નોંધવામાં આવી છે. આ ફરિયાદમાં ૬ જેટલા પીઆઈના પણ નામ હોવાનું જાણવા મળ્યું છે. સગીરાએ સમગ્ર મામલે SMCને તપાસ સોંપવા માગ કરી છે. કોર્ટે આગામી એક જુલાઈ સુધીના સીસીટીવી ફૂટેજ રજૂ કરવા આદેશ કર્યો છે.

દુષ્કર્મની સગીરાએ ફરિયાદમાં ડીસીપી ઝોન ૨ જગદીશ બાંગરવા સામે ગંભીર આક્ષેપ કર્યો હતો. સગીરાએ તેમની સામે આક્ષેપ કરતાં ફરિયાદમાં કહ્યું હતું કે, ડીસીપી જગદીશ બાંગરવાએ તેને તુ પાંચ ફૂટની છો અને મોડલ બનવું છે? કહીને થૂંક્યું હતું. આ પ્રકારના ઉલ્લેખ સગીરા દ્વારા ફરિયાદમાં કરવામાં આવ્યા હતાં. ઉલ્લેખનીય છે કે, ૩ મેના રોજ રાજકોટમાં મોડેલિંગ ક્ષેત્રે કામ કરતી સગીરાએ અમિત ખૂંટ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. ત્યાર બાદ ૫ મેના રોજ અમિત ખૂંટે રીબડામાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વિકાસ કામો માટે નાણાં ફાળવણીની સૈદ્ધાંતિક મંજૂરી આપી



ગાંધીનગર,

રાજ્યમાં ઉજવાઈ રહેલા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જે વિકાસ કામો માટે મુખ્યમંત્રીશ્રીએ નાણાં ફાળવવાની અનુમતિ આપી છે તેમાં આઉટગ્રોથ ડેવલપમેન્ટ, આગવી ઓળખના કામો તથા આંતર માળખાકીય વિકાસના કામોનો સમાવેશ થાય છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર સુરત મહાનગરપાલિકાને ભૌતિક માળખાકીય સુવિધા વિકાસ, સામાજિક માળખાકીય સુવિધા વિકાસ તેમજ અર્બન મોબિલિટી અને આગવી ઓળખના કામો તથા આઉટગ્રોથ એરીયા ડેવલપમેન્ટના કામો માટે ૩૨૬૩ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં અને આઉટગ્રોથ વિસ્તારમાં આ રકમમાંથી સ્ટોર્મ ડ્રેનેજ, પાણી પુરવઠો, ટર્શરી ટ્રીટમેન્ટ એન્ડ રિસાયક્લિંગ, લાઇટ એન્ડ એનર્જી ઓફિશિયન્સી તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વગેરે માળખાકીય વિકાસ કામો હાથ ધરવામાં આવશે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આપેલી આ મંજૂરી અંતર્ગત નડિયાદ મહાનગરપાલિકાના આઉટગ્રોથ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ, પબ્લિક ટોયલેટ રીનોવેશન, સીટી સિવિક સેન્ટર, પાર્ક એન્ડ ગાર્ડન તથા લેક ડેવલપમેન્ટ એમ ૩૫ કામો માટે ૧૭ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. આણંદ મહાનગર પાલિકાના આઉટગ્રોથ વિસ્તારમાં પાણીની નવી ટાંકી, લિંક રોડ અને સ્ટોર્મ ડ્રેઈનના કામો મળી કુલ ૯ કામો માટે ૧૭ કરોડ રૂપિયા ફાળવાયા છે.એટલું જ નહીં, સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના આઉટગ્રોથ એરિયામાં પાણી પુરવઠાના ૬ કામો માટે ૨૮ કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે. રાજયની બે નગરપાલિકાઓ ભરૂચ અને સોનગઢ નગરપાલિકાઓને પણ આઉટગ્રોથ વિસ્તારમાં પાણીની ટાંકી, રાઈઝીંગ મેઈન પાઈપલાઈન તથા સ્ટ્રીટ લાઈટના કામો માટે રકમ મંજૂર કરવામાં આવી છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG.ss No. 213**
વિષય :- 'વિમાન દુર્ઘટના'
શીર્ષક :- 'કરુણરસ કાં કીધો ?.'
પ્રકાર :- પદ્ય, અછંદ (શબ્દો :-૧૩૪)

ઓ રસેશ્વર દ્રષ્ટા ! પ્રેમ ને સૌંદર્યરસ તજી, કરુણરસ કાં કીધો ?
અમે રાખનાં રમકડા, આશાઓ લઈ ઉડાન ભરી, કાં રાખ કીધા ?

કોઈના સ્વજન, કોઈના પ્રિય, કોઈના મા-બાપ કાં અલગ કરી દીધા !
ધાર્યુંતું મંઝિલે પહોંચી જશુ, દુનિયા છોડી અંતિમ રાહે પો'ચાડી દીધા.

નજરે જોનારની આંખોમાં હજુ જબકે છે, તે કાતિલ અગન જ્વાળાઓ,
બચાઓ બચાઓ ની બૂમો પાડી, કોઈને બચવાનો પણ ન મોકો દીધો.

હે ! ક્રૂર કુદરત ! એવા ક્યા કરમ નો, નિર્દયતાથી તે બદલો લીધો,
તેઓની ઉડાનમાં ખુશીની લહેર હતી, એ ક્ષણનો પણ ન સાથ દીધો.
ગુર્જર દેશના તે અમારા સ્વજનોને, અધવચ્ચેથી અલવિદા કરી દીધા,
તેણે અંતિમ રામ રામ કર્યા, ને અમોને દિલો દિમાગથી ઘાયલ કીધા.
આંસુ ટપકે 'સ્વજન'ની આંખોથી, દિલાસાના શબ્દો પણ ઓછા પડ્યા.
ભારે હદયે આંસુ લૂછી, સૌ અંગત સબંધીઓને, ફોટાફ્રેમમાં મઢી દીધા.
(કવિ શ્રી યોગેશભાઈ પંડયા 'સ્વજન' જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N.O.G..S.S. No. 0102.**
વિષય વિમાન દુર્ઘટનના.
પ્રકાર:- ગધ્ય લેખ. શબ્દ સંખ્યા:-

તારીખ ૧૨જૂન ૨૦૨૫ ગુરુવારની દિવસે અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટને અકસ્માત થયો. ઉડાન ભરતાની સાથે જ ત્રણ-ચાર મિનિટમાં જ આ વિમાન દુર્ઘટના ગ્રસ્ત થયું અને જમીન ઉપર પડી ગયું. ચારે બાજુ આગ ફેલાઈ ગઈ અને તેમાં રહેલા મુસાફરો અને કેપ્ટન અને સ્ટાફ લગભગ ૨૭૫ જણાના તાત્કાલિક મૃત્યુ થયા. આ ઉપરાંત જે બિલ્ડીંગ ઉપર આ વિમાનનો કાટમાળ પડ્યો તેમાં પણ લગભગ ૫૦ જણાની મૃત્યુ થવાની શક્યતા છે. આમ આ એક ગંભીર પ્રકારની દુર્ઘટના કહી શકાય. મૃત્યુ પામેલ તમામ લોકોને ભગવાન મોક્ષ આપે તેવી પ્રાર્થના.

?. વિમાન દુર્ઘટનાઓ દુનિયાના ઘણા દેશોમાં જુદા જુદા સમયે થતી રહી છે . તેમાં મોટેભાગે કેપ્ટનની ખામી તેમજ વિમાનમાં યાંત્રિક ખામી જેવા કારણો આપવામાં આવે છે. આમ તો આ વિમાન જ્યારે દુર્ઘટના ગસ્ત બન્યું ત્યારે તેનું બ્લેકબોક્સ મળી ચૂક્યું છે અને તેની તપાસ પણ ચાલુ છે થોડા સમયમા અહેવાલ આવી જશે.

?. આજનો જમાનો ઝડપી બન્યો છે. અવરજવરના સાધનો માટે લોકો વિમાનોનો ઉપયોગ કરે છે. પોતાના દેશમાં અને દુનિયાના જુદા જુદા દેશોમાં અનેક કારણોસર લોકો વિમાનમાં મુસાફરી કરતા હોય છે. હજારો વિમાનો રોજની ઉડાન ભરતા હોય છે. ક્યારેક જ આવો દુર્ઘટના ગ્રસ્ત બન્યાના બનાવો પણ બન્યા રાખે છે.

હસતા રમતા પોતાને સ્નેહીઓ સંબંધીઓને મળવા અંગત કામ માટે નોકરી અર્થે અનેક મુસાફરો મુસાફરી કરતા હોય છે. આ વિમાનમાં પણ એવી જ ઘટના બની અને આમ ઘણા બધા લોકોનું મૃત્યુ થઈ ગયું.

વિમાન કંપનીએ અને સરકારે આવી દુર્ઘટના ન બને તે માટે તાત્કાલિક યોગ્ય સુરક્ષાના પગલાં લઈ અને માનવ જીવનને બચાવવા માટેના તમામ પ્રયત્નો કરવા જોઈએ તેવી લોકોની લાગણી ઉભી થઈ છે.

રતીલાલ વાયડા

★********************************

**NOG SS NO.356**
વિષય: વિમાન દુર્ઘટના
શીર્ષક: બાર જૂન - બિહામણી બપોર
પ્રકાર: અછાંદસ શબ્દ : ૧૦૦

બાર જૂને બની ગઈ બિહામણી બપોર,
ઉડ્યુ વિમાન આભે, વાગ્યા કાળના ટકોર.

મન હતું મળવાનું સ્નેહીજનો સંગ રહેવાનુ,
બની ગયા કાળનો કોળિયો શું રહ્યું કહેવાનું?

દુર્ઘટનાની આ વાત, દુઃખી બની માનવજાત,
દી' કાળો અંધકાર, કેમ રે ન આવે પ્રભાત!

ભરખી ગયો અગ્નિ મુસાફરો અને ડોક્ટરો,
વિમાન ઉતર્યા જમ ના, તેડાં આવ્યા યમના.

સિવિલ હોસ્પિટલની દીવાલો આજ રડી પડી,
બસો બળેલ મૃતદેહ, કોઈની ઓળખ ન મળી.

દેહની ઓળખ કાજે, ડીએનએ તપાસ કરી,
કુદરતે કમાલ કરી, લોહીના સંબંધો મળ્યા ફરી.

પ્રભુએ પોતે અગ્નિમા હોમ્યા, તેઓનાં અગ્નિ સંસ્કાર કરી,
પ્રાર્થના પ્રભુ ના ચરણોમાં ફરી, શાંતિ અર્પે દીવંગત ને ખરી.

નામ: સુમિતા હીરપરા 'સુરીલી' વડોદરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.: 0101**
વિષય: વિમાન દુર્ઘટના
★શીર્ષક:★વિમાન દુર્ઘટનાનું અનાવરણ★
પ્રકાર:ગદ્ય લેખ શબ્દો: ૩૫૧

૧૨ જૂન, ૨૦૨૫ ના રોજ, એક વિનાશક અકસ્માતે દેશને હચમચાવી નાખ્યો જ્યારે એર ઇન્ડિયા ફ્લાઇટ એઆઈ ૧૭૧, બોઇંગ ૭૮૭-૮ ડ્રીમલાઇનર, અમદાવાદના સરદાર વલ્લાભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી ટેકઓફ થયા પછી માત્ર ૪૦ સેકન્ડમાં ક્રેશ થઈ ગયું જેમાં ૨૭૪ લોકો માર્યા ગયા, જેમાં ૨૪૧ વિમાનના મુસાફર અને ક્રુઝ સભ્યો અને જમીન પરના ૩૨ લોકોનો સમાવેશ થાય છે.

★તપાસ ચાલી રહી છે★
એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો (એએઆઈબી) એ યુ.એસ. નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (એનટીએસબી) અને અન્ય આંતરરાષ્ટ્રીય એજન્સીઓની સહાયથી તપાસનું નેતૃત્વ કર્યું છે. કોકપિટ વોઇસ રેકોર્ડર (સીવીઆર) અને ફ્લાઇટ ડેટા રેકોર્ડર (એફડીઆર) બંને પ્રાપ્ત થયા છે, જે તપાસકર્તાઓને નિર્ણાયક પુરાવા પૂરા પાડે છે.

★મુખ્ય તારણો★
એન્જિન નિષ્ફળતા: પ્રારંભિક ડેટા સૂચવે છે કે ડાબું એન્જિન પ્રથમ ખોટકાયું, પછી તરત જ જમણું એન્જિન પણ ખોટકાઈ ગયું.
પાઇલટની વાતચીત: પાઇલટે અંતિમ સેકંડમાં "નો થ્રસ્ટ," "ઉપર ચઢવામાં અસમર્થ," અને "પાવર ગુમાવી રહ્યું છે" ટૂંકા શબ્દસમૂહો સાથે છેલ્લી સેકન્ડમાં ઈમરજન્સીની ભયજનક ચેતવણી આપી.

★શક્ય કારણો★
તપાસકર્તાઓ ઘણા સંભવિત કારણોની તપાસ કરી રહ્યા છે, જેમાં યાંત્રિક ખામી: રોલ્સ રોયસ ટ્રેન્ટ ૧૦૦૦ એન્જિન સાથેના મુદ્દાઓ.
પાયલોટ ભૂલ: કટોકટીની કાર્યવાહીની સંભવિત ખોટી રીતનું અનુસરણ.
સિસ્ટમ ખામી: ફ્લાઇટ કંટ્રોલ કમ્પ્યુટર સમસ્યાઓ અથવા સ્વચાલિત સિસ્ટમ નિષ્ફળતા.

★તપાસ હેઠળ ગ્રાઉન્ડ હેન્ડલિંગ એજન્સીઓ★
અમદાવાદ એરપોર્ટ પર ગ્રાઉન્ડ હેન્ડલિંગ એજન્સીઓની તપાસ કરવામાં આવી રહી છે, જેમાં સ્ટાફની પૂછપરછ કરવામાં આવી હતી અને ફોન કબજે કર્યા હતા. એરપોર્ટ પરિસરમાંથી સીસીટીવી ફૂટેજ મેળવવામાં આવ્યું છે, અને તોડફોડની શકયતા પણ તપાસી રહ્યાં છે.

★અંતે:★
એર ઇન્ડિયા ફ્લાઇટ એઆઈ ૧૭૧ ક્રેશ એ ઉડ્ડયન સલામતીના મહત્વની દુઃખદ રીમાઈન્ડર છે. જેમ જેમ તપાસ ખુલતી જશે, તેમ એ નિશ્ચિત થશે કે અકસ્માતનું મૂળ કારણ શું છે? જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટેના પગલાં અમલમાં મૂકવાનું શક્ય બને. આપણી લાગણીઓ પીડિતોના પરિવારો સાથે છે.
અન્ય મુખ્ય વાત આ દુર્ઘટનામાં માર્યા ગયેલા મુસાફરો અને સાવ જ ત્રાહિત પક્ષ જેવા મેડિકલ હોસ્ટેલમાં મોજૂદ હોવાથી ભયાનક મોત પામેલા લોકોના કુટુંબીજનો પર શું વીતી હશે અને હજુ જીવનભર શું વીતશે તે વાત પણ ઊંડો વિચાર માગી લે છે.. પ્લેનમાં લંડન જનારા મોટા ભાગના લોકો તો થોડા કે ઘણા સધ્ધર પણ હોય, પરંતુ હોસ્ટેલમાં માર્યા ગયેલા લોકોમાંથી કોઈક પોતાના પરિવારનો એક માત્ર આધાર હશે, કોઈક પોતાના પરિવારની એક માત્ર આશા હશે! હવે તેમના પરિવારજનો આ આઘાતમાંથી કેવી રીતે બહાર આવશે!
ભરત સાંગાણી

# કેનેડાના પ્રીમિયર્સે કાર્નેને ભારતમાં બ્રેડ વોલને હાઈ કમિશનર તરીકે નિયુક્ત કરવા વિનંતી કરી



ટોરોન્ટો,

કેનેડાના બે પ્રાંતના પ્રીમિયરોએ સૂચવ્યું છે કે વડા પ્રધાન માર્ક કાર્ને ભારતમાં દેશના આગામી હાઈ કમિશનર તરીકે સાસ્કાચેવાનના ભૂતપૂર્વ નેતાની નિમણૂક કરે.

બ્રે ડ વોલ ૨૦૦૭ થી ૨૦૧૮ સુધી એક દાયકાથી વધુ સમય માટે વડા પ્રધાન (ભારતીય મુખ્યમંત્રી સમકક્ષ) રહ્યા. તે પદ પર તેમના અનુગામી, સ્કોટ મોએ પત્રકારોને જણાવ્યું હતું કે વોલ નવી દિલ્હીમાં કેનેડાના ટોચના રાજદ્વારી માટે આદર્શ ઉમેદવાર બનશે.

સ્થાનિક મીડિયા સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, મોએ કહ્યું કે તેઓ આવી નિમણૂકના ×સમર્થક× હશે કારણ કે તેમણે પ્રાંત અને ભારત વચ્ચેના સંબંધો અને ×માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરના ઘણા દેશોમાં પ્રાંત-થી-ઉદ્યોગ સંબંધો× માટે ×પ્રયાસ અને ધ્યાન કેન્દ્રિત કર્યું હતું×.

તેમણે બુધવારે તેમના આલ્બર્ટા સમકક્ષ ડેનિયલ સ્મિથ સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં આ ટિપ્પણી કરી હતી. અને તેણી તેમની સાથે સંમત થઈને કહે છે, ×હું તેનું સમર્થન કરીશ.×

તેણીએ ઉમેર્યું, ×મને લાગે છે કે સાસ્કાચેવાનએ તેના વેપાર કાર્યાલયો દ્વારા, ખાસ કરીને ભારતમાં, આંતરરાષ્ટ્રીય સ્તરે તેના પદચિહ્નનું વિસ્તરણ કરવા માટે અતિ પ્રભાવશાળી કાર્ય કર્યું છે.×

૨૦૧૫ માં, પાંચ વર્ષના સમયગાળા દરમિયાન, સાસ્કાચેવાન સ્થિત કેમકો કોર્પોરેશન માટે ભારતને સાત મિલિયન પાઉન્ડથી વધુ યુરેનિયમ કોન્સન્ટ્રેટ સપ્લાય કરવા માટે વોલે મુખ્ય ભૂમિકા ભજવી હતી. તે વસંતમાં દ્વિપક્ષીય મુલાકાત પર રહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના તત્કાલીન કેનેડિયન સમકક્ષ સ્ટીફન હાર્પરની હાજરીમાં કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા ત્યારે વોલ વ્યક્તિગત રીતે હાજર હતા.મંગળવારે કાનાનાસ્કિસમાં ૭૭ નેતાઓના શિખર સંમેલનના હાંસિયામાં મોદી કેનેડિયન વડા પ્રધાન માર્ક કાર્નેને મળ્યા ત્યારે એકબીજાની રાજધાનીઓમાં હાઇ કમિશનર નિયુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

# ચીન પાકિસ્તાનને J-૩૫ પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઇટર જેટ સપ્લાય કરશે




બિજીંગ,

ચીન પાકિસ્તાનને ૪૦ શેનયાંગ ત્ન-૩૫ પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઇટર જેટ પૂરા પાડશે તેવા અહેવાલો પર ભારતીય વાયુસેના (છહ્લ) ના ઘણા ભૂતપૂર્વ સૈનિકોએ ચિંતા વ્યક્ત કરી છે.

મીડિયા સૂત્રોના અહેવાલ મુજબ, આ મહિનાની શરૂઆતમાં, પાકિસ્તાન સરકારે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તે ૪૦ ત્ન-૩૫ પાંચમી પેઢીના ફાઇટર જેટ, દ્ભત્ન-૫૦૦ એરબોર્ન પ્રારંભિક ચેતવણી અને નિયંત્રણ વિમાન અને ૐઊ-૧૯ બેલિસ્ટિક મિસાઇલ સંરક્ષણ પ્રણાલીઓ પ્રાપ્ત કરશે.

પાકિસ્તાનને ત્ન-૩૫ નું વેચાણ ચીન દ્વારા પાંચમી પેઢીના જેટની પ્રથમ નિકાસ હશે, જેમાં અદ્યતન સ્ટીલ્થ ક્ષમતાઓ છે. આ ફાઇટર જેટ શેનયાંગ એરક્રાફ્ટ કોર્પોરેશન દ્વારા વિકસાવવામાં આવ્યું હતું અને ૨૦૨૪ ઝુહાઈ એરશોમાં જાહેરમાં રજૂ કરવામાં આવ્યું હતું.

ભૂતપૂર્વ ૈછહ્લ ફાઇટર પાઇલટ અને સંરક્ષણ વિશ્લેષક, ગ્રુપ કેપ્ટન (નિવૃત્ત) અજય અહલાવતે મીડિયા ને જણાવ્યું હતું કે આ વિકાસ આશ્ચર્યજનક નથી કારણ કે પાકિસ્તાની પાઇલટ્સ ચીનમાં તાલીમ લઈ રહ્યા છે.

×પાકિસ્તાનને આ જેટ મળવા એ આશ્ચર્યજનક નથી કારણ કે તેમની નામાંકિત ફાઇટર પાઇલટ્સની ટીમ છ મહિનાથી વધુ સમયથી ચીનમાં છે,× તેમણે મીડિયા ને જણાવ્યું.

×તેઓ સામેલ થયા તે પહેલાં આ પ્રકાર પર તાલીમ લઈ રહ્યા હતા. એવું અહેવાલ છે કે ચીન પાકિસ્તાનને જે સંસ્કરણ આપશે તે હ્લઝ-૩૧ છે, જે ત્ન-૩૫ નું થોડું ટોન-ડાઉન સંસ્કરણ છે, જેનો ઉપયોગ વિશ્વભરમાં થાય છે. કોઈ સંપૂર્ણ સંસ્કરણ આપતું નથી,× તેમણે ઉમેર્યું.

×આ ચિંતાજનક સમાચાર છે,× ગ્રુપ કેપ્ટન અહલાવતે મીડિયા સૂત્રોને જણાવ્યું. ×આઝાદી પછી, અમે ખરીદીના ક્ષેત્રમાં ખૂબ જ મુશ્કેલ યુદ્ધ લડ્યું છે જેથી ઓછામાં ઓછું પાકિસ્તાન પર, જો ચીન નહીં તો આગળ રહી શકાય. અને પાકિસ્તાની રંગોમાં ત્ન-૩૫ નું કોઈપણ સંસ્કરણ અમારા પક્ષે ચિંતાઓ ઉભી કરશે. તે ચિંતાજનક છે.

# બલૂચ લિબરેશન આર્મીએ પાકિસ્તાની સેના પર થયેલા હુમલાની જવાબદારી લીધી



ઈસ્લામાબાદ,

બલોચ લિબરેશન આર્મીએ હોશાબ અને કોલવાહ પ્રદેશોમાં પાકિસ્તાની લશ્કરી દળો પર નિર્દેશિત વિવિધ હુમલાઓની જવાબદારી સ્વીકારી છે. જૂથનો દાવો છે કે આ કામગીરીમાં ઈમ્પ્રુવાઈઝ્ડ વિસ્ફોટક ઉપકરણો અને મુકાબલાનો સમાવેશ થતો હતો, જેના પરિણામે પાંચ પાકિસ્તાની સૈન્ય સભ્યોના મોત થયા હોવાના અહેવાલ છે.બીજી એક ઘટનામાં, BLA એ ખિઝિર નામના કથિત લશ્કરી ગુપ્તચર એજન્ટને પકડવાની અને બાદમાં ફાંસી આપવાની જાહેરાત કરી. તેમણે જણાવ્યું હતું કે ખિઝિરને ખુઝદારના ઝેહરીમાં પકડવામાં આવ્યો હતો અને ×બલોચ રાષ્ટ્રીય અદાલત× દ્વારા હાથ ધરવામાં આવેલા ટ્રાયલ બાદ તેને ફાંસી આપવામાં આવી હતી, કારણ કે તેણે પૂછપરછ દરમિયાન વિવિધ જિલ્લાઓમાં ગુપ્ત માહિતી એકત્રિત કરવાની પ્રવૃત્તિઓની કબૂલાત કરી હતી.વધુમાં, અન્ય એક ×સ્વતંત્રતા તરફી× બલૂચ બળવાખોર જૂથ, બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટ એ બે અલગ અલગ હુમલાઓનો શ્રેય લીધો છે. પહેલા હુમલામાં ખુઝદારમાં સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ ના કાર્યાલયને લક્ષ્ય બનાવીને હાથથી ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો. બીજી ઘટના વાધમાં હબીબ હોટલ નજીક બની હતી, જયાં દાલબંદીનથી કરાચી જઈ રહેલા કિંમતી પથ્થરો લઈ જતી ટ્રક પર હુમલો કરવામાં આવ્યો હતો. વિસ્ફોટથી ટ્રકના એન્જિન અને ટાયરને અસર થઈ હતી, પરંતુ અત્યાર સુધી કોઈ જાનહાનિ થઈ નથી.અગાઉ, BLA લડવૈયાઓએ ઝમુરાન અને પંજગુરમાં પાકિસ્તાની સેના પર પાંચ અલગ અલગ હુમલા કર્યા હતા, જેમાં ચાર પાકિસ્તાની સેનાના જવાનો માર્યા ગયા હતા. BLA પ્રવક્તા જીયાંદ બલોચના એક નિવેદન અનુસાર, આ કાર્યવાહી દરમિયાન, સેનાના સર્વેલન્સ સાધનોને નિષ્ક્રિય કરવામાં આવ્યા હતા, જ્યારે BLA લડવૈયા રિયાઝ, જેને અમાન તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનું મોત થયું હોવાના અહેવાલ છે.

# રાત્રે કરવામાં આવેલા હુમલા દરમિયાન અમે તેહરાનમાં શસ્ત્ર સંશોધન કેન્દ્ર પર હુમલો કર્યો



જેરૂસલેમ,

ઈઝરાયલની સેનાએ શુક્રવારે દાવો કરતાં કહ્યું હતું કે, તેમના દ્વારા ઈરાન સાથેના યુદ્ધના આઠમા દિવસે તેહરાનમાં રાતોરાત ડઝનબંધ લક્ષ્યો પર હુમલો કર્યો, જેમાં ×ઈરાનના પરમાણુ શસ્ત્રો પ્રોજેક્ટના સંશોધન અને વિકાસ× માટેનું કેન્દ્ર પણ સામેલ છે.

એક નિવેદનમાં, સેનાએ જણાવ્યું હતું કે તેણે ×તેહરાનના હૃદયમાં શ્રેણીબદ્ધ હુમલાઓ પૂર્ણ કર્યા છે: લશ્કરી મિસાઇલ ઉત્પાદન સ્થળો અને ઈરાનના પરમાણુ શસ્ત્રો પ્રોજેક્ટના સંશોધન અને વિકાસ માટે SPND (ઓર્ગેનાઈઝેશન ઓફ ડિફેન્સિવ ઈનોવેશન એન્ડ રિસર્ચ) મુખ્યાલય સહિત ડઝનબંધ લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા હતા.×

ઈઝરાયલી સૈન્યના જણાવ્યા અનુસાર, SPND મુખ્યાલયનો ઉપયોગ ×ઈરાની શાસનની લશ્કરી ક્ષમતાઓને ટેકો આપતી અદ્યતન ટેકનોલોજી અને શસ્ત્રોના સંશોધન અને વિકાસ માટે થાય છે×સેનાએ જણાવ્યું હતું કે ગુરુવારે રાત્રે ૬૦ થી વધુ ફાઇટર જેટ્સે ડઝનબંધ લશ્કરી લક્ષ્યો પર હુમલો કર્યો હતો. ×લક્ષ્યોમાં મિસાઇલ ઘટકોનું ઉત્પાદન કરતી જગ્યાઓ અને મિસાઇલ એન્જિનના કાસ્ટિંગમાં વપરાતા કાચા માલનું ઉત્પાદન કરતી સુવિધાઓનો સમાવેશ થાય છે,× તે ઉમેરે છે.

ઈઝરાયલે દાવો કર્યો હતો કે ઈરાન પરમાણુ શસ્ત્ર વિકસાવવાની આરે છે.

# વધુ કન્ફર્મ ટિકિટ સુનિશ્ચિત કરવા અને ભીડ ઘટાડવા માટે ભારતીય રેલ્વેએ વેઈટિંગ લિસ્ટ ૨૫% સુધી મર્યાદિત કરી



નવી દિલ્હી,
ટ્રેનમાં મુસાફરોની સુવિધા વધારવા અને ભીડ ઘટાડવાના હેતુથી એક મોટા પગલામાં, ભારતીય રેલ્વેએ એક નવી નીતિ જાહેર કરી છે જે કોઈપણ ટ્રેનની કુલ બેઠક ક્ષમતાના ૨૫ ટકા સુધી જારી કરાયેલ વેઈટિંગ લિસ્ટ ટિકિટોની સંખ્યાને મર્યાદિત કરે છે. આ નિર્ણયથી મુસાફરોને તેમની ટિકિટની સ્થિતિ વિશે વધુ સ્પષ્ટતા મળશે અને એકંદર મુસાફરીનો અનુભવ સુધરશે તેવી અપેક્ષા છે.

રેલ્વે મંત્રાલયના જણાવ્યા અનુસાર, સુધારેલી વેઈટિંગ લિસ્ટ કેપ તમામ વર્ગોમાં લાગુ થશે - જેમાં એસી ફર્સ્ટ ક્લાસ, એસી સેકન્ડ, એસી થર્ડ, સ્લીપર અને ચેર કારનો સમાવેશ થાય છે. આ નીતિમાં વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને દિવ્યાંગ મુસાફરો માટે વિવિધ અનામત ક્વોટાને ધ્યાનમાં લેવામાં આવ્યા છે, જેનાથી બેઠકોનું સંતુલિત વિતરણ સુનિશ્ચિત થાય છે.

રેલવે અધિકારીઓએ જણાવ્યું હતું કે ડેટા દર્શાવે છે કે લગભગ ૨૦-૨૫% વેઈટિંગ લિસ્ટ ટિકિટો અંતિમ ચાર્ટ તૈયાર થાય તે પહેલાં કન્ફર્મ થઈ જાય છે. નવી વેઈટિંગ લિસ્ટ મર્યાદાને આ આંકડા સાથે જોડીને, રેલવે મુસાફરો માટે અનિશ્ચિતતા ઘટાડવા અને છેલ્લી ઘડીની અંધાધૂંધીને રોકવાનો હેતુ ધરાવે છે.

"વેઈટિંગ ટિકિટોના વધુ પડતા જારી થવાને કારણે રિઝર્વ્ડ કોચમાં ભીડ લાંબા સમયથી ચાલતી સમસ્યા રહી છે. આ નવી નીતિ શિસ્ત અને વધુ સારી ભીડ વ્યવસ્થાપન લાવશે," રેલવે બોર્ડના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

રેલ્વે બોર્ડ તરફથી સત્તાવાર પરિપત્ર જારી થયા પછી વિવિધ ઝોનલ રેલ્વેમાં નવા નિયમનો અમલ શરૂ થઈ ગયો છે.

બધી મુખ્ય ટ્રેન શ્રેણીઓમાં લાગુ પડે છે

રાજધાની, શતાબ્દી, દુરંતો, મેઈલ/એક્સપ્રેસ અને સુપરફાસ્ટ ટ્રેનો સહિત તમામ શ્રેણીઓની ટ્રેનોમાં સુધારેલી મર્યાદા લાગુ કરવામાં આવશે. ઉદાહરણ તરીકે, ૧,૦૦૦ ઉપલબ્ધ બેઠકો ધરાવતી ટ્રેનમાં, હવે મહત્તમ ૨૫૦ વેઈટિંગ લિસ્ટ ટિકિટ જારી કરી શકાય છે.

આ પગલાથી ટિકિટ કન્ફર્મ થવાની શક્યતાઓ વધશે અને રિઝર્વ્ડ કોચમાં બેસતા અપ્રમાણિત મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે, જેનાથી મુસાફરી દરમિયાન અગવડતા અને અંધાધૂંધી ઓછી થશે.

અગાઉની વેઈટિંગ લિસ્ટ મર્યાદા

અત્યાર સુધી, વેઈટિંગ લિસ્ટ ટિકિટ માટેની મર્યાદા જાન્યુઆરી ૨૦૧૩ ના પરિપત્ર દ્વારા નિયંત્રિત હતી. તે એસી ફર્સ્ટ ક્લાસમાં ૩૦, એસી સેકન્ડ ક્લાસમાં ૧૦૦, એસી થર્ડ ક્લાસમાં ૩૦૦ અને સ્લીપર ક્લાસમાં ૪૦૦ સુધીની વેઈટિંગ ટિકિટની મંજૂરી આપતું હતું. આના કારણે ઘણીવાર મુસાફરો અનિશ્ચિત ટિકિટ સાથે રિઝર્વ્ડ કોચમાં બેસતા હતા, જેના કારણે ભીડ અને અસુવિધા થતી હતી.

વારંવાર મુસાફરી કરતા મુસાફરો દ્વારા નવી નીતિનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે, જેઓ કહે છે કે તે આયોજન મુસાફરીને વધુ અનુમાનિત અને ઓછી તણાવપૂર્ણ બનાવશે. ટિકિટિંગ અને મુસાફરોના પ્રવાહના સારા સંચાલન સાથે, ભારતીય રેલ્વે સુરક્ષિત અને વધુ આરામદાયક મુસાફરી અનુભવ પ્રદાન કરવા તરફ એક પગલું આગળ વધે છે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસે ગાંધીનગર યોગમય બન્યું:૧૪૬૫ સ્થળોએ ૨ લાખથી વધુ લોકોએ યોગાભ્યાસ કર્યો, PM મોદીએ વર્ચ્યુઅલી સંબોધન કર્યું



ગાંધીનગરમાં ‘એક પૃથ્વી એક સ્વાસ્થ્ય‘ની થીમ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાના ૧૪૬૫ સ્થળોએ આયોજિત કાર્યક્રમમાં બે લાખથી વધુ લોકોએ ભાગ લીધો હતો.જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ સેક્ટર-૨૭ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો. મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંધ્ર પ્રદેશથી વર્ચ્યુઅલી સંબોધન કર્યું હતું.વિસ્ટા ગાર્ડન ખાતે વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને મંત્રી ભાનુબેન બાબરીયા ઉપસ્થિત રહ્યા હતા. મેયર મીરાબેન પટેલ, ધારાસભ્યો રીટાબેન પટેલ અને અલ્પેશ ઠાકોર, ભાજપ અધ્યક્ષ આશિષભાઈ દવે સહિત મહાનગરપાલિકાના અધિકારીઓ અને શાળાના બાળકો પણ જોડાયા હતા.

રૂપાલ વરદાયિની માતાજી મંદિર, ઐતિહાસિક અંબાપુર વાવ અને અડાલજ ત્રિમંદિર ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં રાજભવન પરિવારના તમામ સભ્યોએ સમૂહ યોગાભ્યાસ કર્યો હતો.



# છલોછલ પાણીથી હિલોળા લેતા શેત્રુંજી જળાશયના દરવાજા ૬૨ કલાકે બંધ થયા

ભાવનગર : પ્રથમ વરસાદમાં જ પાણીથી છલોછલ હિલોળા લેતા શેત્રુંજી જળાશયમાં ત્રણ દિવસ સુધી સતત આવક શરૂ રહ્યા બાદ બપોરે પાણીની આવક બંધ થતાં ૬૨ કલાકે શેત્રુંજી ડેમના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. જ્યારે ભાવનગર જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે આજે સામાન્ય વરસાદ વરસ્યો હતો. આગામી સપ્તાહના આરંભે બે દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.

ભાવનગર શહેરમાં આજે બપોરે ધીમીધારે વરસાદ વરસતા રોડ ભીજાયા હતા. ત્યારબાદ સાંજે



ઉઘાડ નીકળી ગયો હતો. ગઈકાલની તુલનામાં આજે શહેરનું તાપમાન ૦.૪ ડિગ્રી વધીને ૩૫.૧ ડિગ્રીએ સ્થિર થયું હતું. જે સામાન્યથી સરેરાશ ૧.૫ ડિગ્રી નીચું નોંધાયું હતું. છેલ્લા ૨૪ કલાકમાં રાતનું તાપમાન દોઢ ડિગ્રી ઉંચાઈને ૨૭.૮ ડિગ્રી રહ્યું હતું. આજે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૧ ટકા, પવનની ઝડપ ૧૮ કિલોમીટર પ્રતિકલાકની રહી હતી. ગારિયાધારમાં ઝરમર બે મિ.મી. અને પાલિતાણામાં ધીમીધારે પાંચ મિ.મી. વરસાદ વરસ્યો હોવાનું ફ્લડ વિભાગમાં નોંધાયું છે.

જ્યારે ડેમ વિસ્તારોમાં પણ મેઘમહેર થઈ હતી. જેમાં શેત્રુંજી ડેમ વિસ્તારમાં ૦૫ મિ.મી., રજાવળમાં ૧૦, ખારોમાં ૧૫, હમીરપરામાં ૧૫, હણોલમાં ૧૨, પીગળીમાં ૦૬ અને જસપરા (માંડવા) ડેમ વિસ્તારમાં ૧૦ મિ.મી. વરસાદ થયો હતો. માલણ ડેમમાં ૬૫ ક્યુસેક, રોજકીમાં ૧૧ ક્યુસેક અને બોટાદ જિલ્લાના સુખભાદર ડેમમાં ૨૦૬ ક્યુસેક પાણીની આવક-જાવક તેમજ ગોમા ડેમમાં ૨૨૨ ક્યુસેક પાણીની આવક રહી હતી. તો ગત મંગળવારે બપોરે બે વાગ્યાથી સતત ઓવરફ્લો વહેતા શેત્રુંજી ડેમમાં આજે શુક્રવારે બપોરે પાણીની આવક બંધ થઈ જતાં ૬૨ કલાકે (બપોરે બે વાગ્યે) ડેમના પાંચ દરવાજા બંધ કરવામાં આવ્યા હતા. તે પહેલા ૪૫૦ ક્યુસેક પાણીની આવક શરૂ રહેતા શેત્રુંજી જળાશયના પાંચ દરવાજાને એક ફૂટ ખુલ્લા રાખી તેટલા જ પ્રમાણમાં પાણી છોડવામાં આવી રહ્યું હતું તેમ સિંચાઈ વિભાગના સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# તળાજા શહેરમાં ગટરના ગંધાતા પાણીમાંથી લોકો ચાલવા મજબૂર



તળાજા : તળાજા શહેરમાં ભાજપના શાસકો અને નગરપાલિકા તંત્રના પાપે રસ્તાઓ ઉપર નર્કાગાર જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. સતત ઉભરાતી ગટરોના કારણે લોકોને ગટરના ગંધાતા પાણીમાંથી પસાર થવા મજબૂરી બની છે. આવી સ્થિતિ વચ્ચે પણ શાસકો કે ચૂંટણી સમયે બિલાડીના ટોપની જેમ ફાટી નીકળેલા વિપક્ષના કાર્યકરોના પેટનું પાણી હલતું નથી.

તળાજાના જાહેર માર્ગો, શેરીઓમાં છેલ્લા કેટલાક સમયથી ભુગર્ભ ગટરમાંથી ગંદા પાણી વહેતા રસ્તાઓ ભરાઈ ગયા છે. આ ગંદા પાણીમાંથીસ્થાનિક રહિશોને પગપાળા અને વાહનો લઈને પસાર થવું પડી રહ્યું છે. અતિશય દુર્ગંધની સાથે મચ્છરજન્ય રોગચાળાના ભરડામાં પણ લોકો આવી રહ્યા છે. આ બાબતે વિવિધ વિસ્તારોમાંથી ફરિયાદો કરવામાં આવી તો ન.પા. તંત્ર દ્વારા બે-પાંચ માણસો પાસે કહેવા ખાતર કામ કરાવી સંતોષ માનવામાં આવે છે. નિયમ મુજબ ગટર સાફ કરવા માણસો ઉતારી શકાતા નથી. જેથી સરકારે લાખો રૂપિયાનો ખર્ચ કરી ગટર સાફ કરવા માટે મશીન ફાળવ્યું છે. પરંતુ પ્રેસરથી ગટર સાફ કરતી આ મશીનરી પણ ખોટકાઈ જતાં મરામતના અભાવે પૂરતી કામ કરી શકતી નથી. જેના કારણે તળાજાના વિવિધ સ્તારોમાં ગટર ઉભરાવાથી રસ્તા પર પાણી વહેવાની સમસ્યા કાયમી બની છે. ચોમાસાની સિઝનમાં આજ પરિસ્થિતિ રહી તો રોગચાળો ફાટી નીકળવાની દહેશત માથે મંડરાઈ રહી છે.

# બગોદરાની ખાનગી કંપનીમાં કામદારને વીજ કરંટ લાગતા મોત નિપજ્યું

બગોદરા : અમદાવાદ ગ્રામ્ય પંથકમાં બે દિવસમાં બે કામદારોના વીજ કંરટથી મોત નીપજ્યું છે. આજ રોજ બગોદરામાં આવેલી મારૂતિ સ્પુન પાઈપ કંપનીમાં કામ કરતા કામદારને વીજ કરંટ લાગતા મોત નીપજ્યું છે. પોલીસે મૃતકના મૃતદેહનો કબજો લઈ પીએમ માટે હોસ્પિટલ મોકલી તપાસ હાથ ધરી છે.અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના ઔદ્યોગિક એકમોમાં કામદારોના મોતના બનાવમાં વધારો થઈ રહ્યો છે. જેમાં બાવળા તાલુકાના કેરાળા જીઆઈડીસી વિસ્તારમાં એક ખાનગી કંપનીમાં ગાંગડ ગામના કામદારનું વીજ કરંટ લાગતા ગઈકાલે મોત નીપજ્યું હતુ

# રાજકોટમાં સીસીટીવી કેમેરાના યુનીટમાંથી ૪૫ બેટરી ચોરી કરનાર ૩ શખ્સ ઝબ્બે

રાજકોટ: રાજકોટમાં મહાપાલિકા દ્વારા અલગ-અલગ સ્થળે લગાવેલા સીસીટીવી કેમેરાના આઉટડોર યુનીટમાંથી બેટરીની ચોરી કરવાનો ભેદ ઝોન-૨ના નાસતા ફરતા સ્કોડે ઉકેલી કિશોર સહિત ત્રણ શખ્સોને પકડી લઈ રિક્ષા, ૨૯ બેટરીઓ અને કાર મળી કુલ રૂા.૧.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલામાં કિશોર ઉપરાંત સુરેશ લાલુભાઈ ચારોલીયા (ઉ.વ.૩૪ રહે. મહિલા કોલેજ અંડરબ્રીજ ઉપર ઝુંપડામાં) અને ધીરૂ જીલુભાઈ વાજેલીયા (ઉ.વ.૩૦, રહે. હુડકો ચોકડી પાસે, ઝુંપડામાં)નો સમાવેશ થાય છે. બેટરી ચોરી અંગે મહાપાલીકાના નાનામવા સીસીટીવી કંટ્રોલ રૂમમાં પ્રોજેકટ મેનેજર મનીષભાઈ કોરાટ (ઉ.વ.૩૧, રહે. પુનીતનગર ઓજસ વોરા એપાર્ટમેન્ટ)એ એ-ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે, તસ્કરો જયુબેલી ચોકમાં સ્થિત ૧૩,૫૦૦ની કિંમતની ત્રણ બેટરી ચોરી ગયા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.